# પેપ્સીકોને ગુજરાત ખાતે કોન્ટ્રાક્ટ ફાર્મિંગમાં રસ

ભાસ્કર ન્યૂઝ ■ અમદાવાદ

પેપ્સી કોલા ઈન્ડિયાએ હાલ દેશમાં ૬૦૦૦૦ એકર વિસ્તારમાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ હાથ ધરેલ છે. તેને ગુજરાત ખાતે પણ આ પ્રોજેક્ટ હાથ ધરવામાં રસ છે. વધુમાં કંપની અત્રે છ-આઠ માસમાં સી-વીડની ખેતી માટેનો પ્રકલ્પ હાથ ધરવા માગે છે. સી-વીડનો ઉપયોગ મુખ્યત્વે ખાદ્ય જેલીની બનાવટમાં થાય છે. ઉપરાંત તે 'ઓર્ગેનિક ન્યૂટ્રન્ટ' તરીકે ઉપયોગી હોવાનું પ્રાયોગિક અખતરા પરથી સાબિત થયું છે.

કંપનીના નિકાસ વિભાગના એક્ઝી. ડિરે. અભિરામ શેઠે આપેલી માહિતી મુજબ પેપ્સીકો કોન્ટ્રાક્ટ ફાર્મિંગ બિઝનેસ હાલ બહુધા ઉત્તર ભારત પૂરતો સીમિત છે. ૬૦૦૦૦ એકરના આ બિઝનેસમાં ૩૦૦૦૦ એકરમાં બટાટા, ૧૫૦૦૦ એકરમાં ચોખા તથા બાકીનામાં ઈતર કૃષિપેદાશ લેવાય છે. ૧૦-૧૫૦૦૦ એકરમાં જવની ખેતી આ ધોરણે હાથ ધરવાની યોજના હવે વિચારાઈ છે. કંપની ગુજરાત ખાતે વ્યાપક સ્તરે કોન્ટ્રાક્ટ ફાર્મિંગની શક્યતા ચકાસી રહી છે.

દરમિયાન કંપનીએ ગુજરાતમાં દરિયાકાંઠાના તેમજ કચ્છના અખાતી વિસ્તારમાં સી-વીડ કલ્ટિવેશન પ્રોજેક્ટની યોજના વિચારી છે. સી-વીડમાંથી મળતા 'કેરેજિન'નો ખાદ્ય જેલી બનાવવા માટે ઉપયોગ થાય છે. વેટ સી-વીડને પ્રોસેસ કરવામાં આવતા ભાવનગરની 'સીએસએમઆરઆઈ' ના વિજ્ઞાનીઓએ તેમાં ઓર્ગેનિક ન્યૂટ્રન્ટના ઘટકો હોવાનું શોધ્યું છે. પાકના ઉતારમાં ૧૦થી ૩૦ ટકા વધારો થઈ શકે છે. ખાસ કરી વરસાદ આધારિત વિસ્તારમાં ખેડૂતો પાક પર તેનો છંટકાવ કરી સારો ઉતાર મેળવી શકે છે.